# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 30-01-2025** **EVENING : 7.50 to 8.00**
**Day : THURSDAY** **National News**

આકાશવાણી સમાચાર **પ્રવેશ અડિએચા** વાંચે છે.

***************************************************

1) આવતીકાલથી શરૂ થનારા સંસદના અંદાજપત્ર સત્ર પૂર્વે આજે સર્વપક્ષીય બેઠક યોજાઈ
2) કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે કહ્યું, ગુજરાત સરકારે 30 એપ્રિલ સુધીમાં શક્ય તેટલી વહેલી તકે ત્રણ નવા ફોજદારી કાયદાનો અમલ સુનિશ્ચિત કરવો જોઈએ.
3) પંજાબના મુખ્યમંત્રી ભગવંત માનના નવી દિલ્હીના નિવાસસ્થાનેથી રોકડ રકમના કથિત વિતરણની ફરિયાદને પગલે ચૂંટણી પંચની ટીમની તપાસ
4) કેન્દ્રીય મંત્રી અશ્વિની વૈષ્ણવે કહ્યું, “ભારત ટૂંક સમયમાં જ A.I.નો પોતાનો મૂળભૂત નમૂનો તૈયાર કરશે.
5) ઉત્તરપ્રદેશના મુખ્યસચિવ અને રાજ્ય પોલીસ વડાએ મહાકુંભના સંગમ ઘાટની મુલાકાત લઈ ઘટનાસ્થળનું નિરીક્ષણ કર્યું.

***************************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

## ALL PARTY MEETING

સંસદના આવતીકાલથી શરૂ થનારા અંદાજપત્ર સત્ર પહેલા આજે સર્વપક્ષીય બેઠક યોજાઈ હતી. સંસદ ભવન પરિસરમાં યોજાયેલી બેઠકમાં સરકારે સત્રના યોગ્ય સંચાલન માટે તમામ રાજકીય પક્ષના સહયોગની અપીલ કરી હતી. બેઠક બાદ માધ્યમો સાથેના સંવાદમાં સંસદીય બાબતોના મંત્રી કિરેન રિજિજૂએ જણાવ્યું કે, રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂ અંદાજપત્ર સત્રના પહેલા દિવસે આવતીકાલે સંસદના બંને ગૃહને સંયુક્તપણે સંબોધિત કરશે.

**(બાઈટઃ કિરેન રિજિજૂ,કેન્દ્રીય મંત્રી)**

શ્રી રિજિજૂએ જણાવ્યું કે, સત્ર દરમિયાન રાષ્ટ્રપતિના અભિભાષણ પર ચર્ચાની સાથે અંદાજપત્ર પર પણ ચર્ચા થશે, જે 13 ફેબ્રુઆરી સુધી ચાલશે. તેમણે કહ્યું, સંસદમાં પહેલાથી જ 16 ખરડા અને 19 કાર્ય સૂચિબદ્ધ છે.

. . . . . . . . . . . . . . . .

## EVE PM GANDHI

ઉપ-રાષ્ટ્રપતિ જગદીપ ધનખડ અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે સાંજે નવી દિલ્હીમાં ગાંધી સ્મૃતિ ખાતે પ્રાર્થના સભામાં મહાત્મા ગાંધીજીને શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી. વર્ષ 1948માં નવી દિલ્હીના

બિરલા હાઉસ એટલે કે, ગાંધી સ્મૃતિ ખાતે આજના જ દિવસે રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીની હત્યા થઇ હતી.

અગાઉ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ સોશિયલ મીડિયાના સંદેશમાં ગાંધીજીને તેમની 77મી પુણ્યતિથિ નિમિત્તે શ્રદ્ધાંજલિ આપતા જણાવ્યું હતું કે, મહાત્મા ગાંધીજીના આદર્શ દેશવાસીઓને વિકસિત ભારત બનાવવા પ્રેરિત કરે છે. પ્રધાનમંત્રીએ દેશ માટે શહીદ થયેલા તમામ લોકોને પણ શ્રદ્ધાંજલિ આપી તેમના બલિદાનને યાદ કર્યા હતા.

. . . . . . . . . . . . . . . .

## SHAH GUJARAT CRIMINAL LAW MEET

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે કહ્યું, ગુજરાત સરકારે 30 એપ્રિલ 2025 સુધીમાં તમામ કમિશનરેટ અને સમગ્ર રાજ્યમાં શક્ય તેટલી વહેલી તકે નવા ફોજદારી કાયદાઓનો અમલ સુનિશ્ચિત કરવો જોઈએ. તેમજ મુખ્યમંત્રી દ્વારા દર મહિને અને ગૃહ રાજ્યમંત્રી, મુખ્યસચિવ, ગૃહવિભાગના અધિક મુખ્યસચિવ તેમજ DGP દ્વારા દર અઠવાડિયે સમીક્ષા કરવી જોઈએ.

નવી દિલ્હીમાં ગુજરાતમાં ત્રણ નવા ફોજદારી કાયદાના અમલીકરણની સમીક્ષા માટે યોજાયેલી બેઠકની અધ્યક્ષતા કરતા કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે આ મુજબ જણાવ્યું હતું. દરમિયાન ગુજરાતમાં પોલીસ, જેલ, અદાલત, ફરિયાદ અને ન્યાય સહાયક અંગેની નવી જોગવાઈઓના અમલીકરણ અને વર્તમાન સ્થિતિની સમીક્ષા કરવામાં

આવી. ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ પણ આ બેઠકમાં ઉપસ્થિત રહ્યા હતા. શ્રી શાહે ત્રણ નવા ફોજદારી કાયદાનો સાર આપતા આ નવા કાયદાઓમાં F.I.R. નોંધાયા બાદ ત્રણ જ વર્ષમાં ન્યાય મળવાની જોગવાઈ હોવા પર પણ ભાર મૂક્યો હતો.

. . . . . . . . . . . . . . . .

## JPC WAQF

સાંસદ જગદમ્બિકા પાલની અધ્યક્ષતામાં વક્ફ સુધારા ખરડા 2024 સંબંધિત સંયુક્ત સંસદીય સમિતિએ આજે સંસદ ભવનમાં લોકસભાના અધ્યક્ષ ઓમ બિરલાને પોતાનો અહેવાલ સુપરત કર્યો હતો.

. . . . . . . . . . . . . . . .

## MANN COMPLAINT

ચૂંટણી અધિકારીઓની એક ટુકડી આજે સાંજે રાષ્ટ્રીય રાજધાનીમાં પંજાબના મુખ્યમંત્રી ભગવંત માનના નિવાસસ્થાને પહોંચી હતી. શ્રી માનના ઘરેથી રોકડ રકમના કથિત વિતરણ અંગેની ફરિયાદ મળતા ચૂંટણી અધિકારીઓ અહીં પહોંચ્યા હતા. દરમિયાન એક અધિકારીએ માધ્યમોને જણાવ્યું કે, ચૂંટણી પંચની સી-વિજિલ એપ્લિકેશન

પર પૈસાના વિતરણની ફરિયાદ મળતાં ફ્લાઈંગ સ્ક્વૉડની ટુકડી તપાસ માટે આવી હતી.

દરમિયાન ચૂંટણી પંચે સ્પષ્ટતા કરી કે, તેમણે આવી કોઈ કાર્યવાહીનો આદેશ આપ્યો નથી. આ મામલો સી-વિજિલ એપ્લિકેશન પરની ફરિયાદ સાથે જોડાયેલો છે. સત્તાવાર સૂત્રોએ જણાવ્યું કે, ચૂંટણી પંચ એજન્સીઓના કામમાં દખલગીરી નથી કરતું.

. . . . . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . . .

## VAISHNAV AI

કેન્દ્રીય મંત્રી અશ્વિની વૈષ્ણવે કહ્યું, ભારત આગામી મહિનાઓમાં પોતાનો મૂળભૂત નમૂનો તૈયાર કરશે. નવી દિલ્હીમાં આજે માધ્યમોને સંબોધતા શ્રી વૈષ્ણવે કહ્યું, ભારતનો મૂળભૂત નમૂનો વિશ્વના શ્રેષ્ઠ નમૂનાની બરાબરી વાળું હશે. તેમણે કહ્યું, ભારતના પોતાના A.I. એટલે કે કૃત્રિમ બુદ્ધિમત્તાનો નમૂનો વિકસાવવા માટે દરખાસ્તોનું માળખું

તૈયાર કરાયું છે. દેશમાં હવે સ્વદેશી A.I. અભિયાનને સમર્થન આપવા માટે 15 હજાર હાઈ-એન્ડ જીપીયુ ઉપલબ્ધ છે.

ડિપસીકની ગુપ્તતા સંબંધિત ચિંતાઓ અંગે શ્રી વૈષ્ણવે કહ્યું, તેને સંબંધિત માહિતી ભારતીય સર્વર ઉપર ટૂંક સમયમાં ઉપલબ્ધ હશે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીનું માનવું છે કે, આધુનિક ટેકનિક તમામ માટે ઉપલબ્ધ હોવી જોઈએ.

. . . . . . . . . . . . . . . .

## MAHAKUMBH CS & DGP SANGAM

અને હવે મહાકુંભ અંગેના સમાચાર

(મહાકુંભ મ્યુઝિક)

ઉત્તરપ્રદેશના મુખ્યસચિવ મનોજકુમાર સિંહ અને રાજ્ય પોલીસ વડા પ્રશાન્ત કુમારે આજે પ્રયાગરાજના મહાકુંભમાં આવેલા સંગમ ઘાટની મુલાકાત લઈ ઘટનાસ્થળનું નિરીક્ષણ કર્યું હતું. બંને ઉચ્ચ અધિકારીએ પરિસ્થિતિ અને સુરક્ષા વ્યવસ્થાની પણ સમીક્ષા કરી હતી. દરમિયાન મહાકુંભ મેળાના અધિકારી વિજય કિરણ આનંદ અને D.I.G. વૈભવ ક્રિશ્ના પણ ઉપસ્થિત રહ્યા હતા. બંને અધિકારીઓએ સ્વરૂપ રાની નેહરૂ હૉસ્પિટલની મુલાકાત લઈ ઈજાગ્રસ્તોના ખબરઅંતર પૂછ્યા હતા.

ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે ગઈકાલે મુખ્યસચિવ અને રાજ્ય પોલીસ વડાને ઘટનાની તપાસ કરી તેનો અહેવાલ સુપરત કરવા આદેશ આપ્યો હતો. ઉલ્લેખનીય છે કે, સંગમ

ઘાટ નજીક આવેલા અખાડા માર્ગ પર ગઈકાલે થયેલી ધક્કામુક્કીમાં 30 જેટલા લોકોએ જીવ ગુમાવ્યા હતા.

(મહાકુંભ મ્યુઝિક)

. . . . . . . . . . . . . . .

## US-PLANE CRASH

અમેરિકન એરલાઇન્સની ફ્લાઇટ અને બ્લેક હોક હેલિકોપ્ટર વચ્ચે હવામાં થયેલી ટક્કર બાદ વોશિંગ્ટન ડીસીની પોટોમેક નદીમાંથી ઓછામાં ઓછા 30 મૃતદેહો મળી આવ્યા છે. ૬0 મુસાફરો અને ચાલક દળના ચાર સભ્યોને લઈને પેસેન્જર જેટ રોનાલ્ડ રીગન રાષ્ટ્રીય વિમાનમથક પર ઉતરાણ કરવા માટે નજીક આવી રહ્યું હતું ત્યારે આ દુર્ઘટના સર્જાઈ હતી. હેલિકોપ્ટરમાં ત્રણ સૈનિકો હતા, જ્યારે વિમાનમાં સામેલ પ્રવાસીઓમાં ફિગર સ્કેટર્સ, તેમના કોચ અને પરિવારજનો પણ હતા. તેઓ વિચિતામાં રાષ્ટ્રીય યુએસ ફિગર સ્કેટિંગ ચેમ્પિયનશિપ બાદ યોજાયેલા ડેવલપમેન્ટ કેમ્પમાંથી પરત ફરી રહ્યા હતા. 300 જેટલાં મરજીવાઓ પોટોમેક નદીનાં થીજેલા પાણીમાં સંભવિત બચી ગયેલા લોકોની શોધ કરી રહ્યા છે.

. . . . . . . . . . . . . . .

## THAILAND MASTERS BADMINTON

ભારતના કિદામ્બી શ્રીકાંત, બેન્કોકમાં થાઈલેન્ડ માસ્ટર્સ બૅડમિન્ટન ટૂર્નામેન્ટમાં પુરુષ સિંગલ્સના ક્વાર્ટર ફાઈનલમાં પહોંચ્યા છે. વિશ્વ ચેમ્પિયનશીપના ચંદ્રક વિજેતા શ્રીકાંતે હૉન્ગકૉન્ગના જેસન ગુનાવાનને સીધા સેટમાં 21-19, 21-15થી હરાવ્યા હતા. આ પહેલા ગઈકાલે શ્રીકાન્તે પહેલા રાઉન્ડમાં ઈઝરાયેલના ડૅનિયલ ડુબોવેંન્કોને 21-13, 21-18થી હરાવ્યા હતા.

. . . . . . . . . . . . . . . .

## DIGITAL PAYMENTS DOUBLE DIGIT JUMP

ભારતીય રિઝર્વ બૅન્કના સૂચકાંક મુજબ, સપ્ટેમ્બર 2024 સુધીમાં દેશમાં ડિજિટલ ચૂકવણીમાં 11.1 ટકાનો વધારો નોંધાયો છે. સપ્ટેમ્બર 2024 માટે રિઝર્વ બૅન્કનો ડિજિટલ ચૂકવણી સૂચકાંક માર્ચ 2024ના 445.5થી વધીને 465.33 થયો છે.

. . . . . . . . . . . . . . . .